# ભારતીય જનતા પક્ષ

(કેન્દ્રીય કાર્યાલય)

11, અશોક રોડ, નવી દિલ્હી – 110001

## લોકસભાના વિપક્ષી નેતા શ્રીમતી સુષ્મા સ્વરાજ અને રાજ્યસભાના વિપક્ષી નેતા શ્રી અરુણ જેટલીનું સંયુક્ત નિવેદન

સરકારે 27 ડિસેમ્બર, 2011ના રોજ રજૂ કરેલા લોકપાલ ખરડાને લોકસભાએ મંજૂરી આપી છે. લોકપાલની નિમણૂક સરકાર કરશે અને તેમની કામગીરી પર સરકારનું નિયંત્રણ રહેશે. લોકપાલના કામકાજમાં તપાસ એજન્સી તરીકે સીબીઆઈ રહેશે, જેના પર પણ સરકારનું જ નિયંત્રણ છે. તે ખરડાનું સ્વરૂપ ભાજપને માન્ય નથી. તે ખરડા વિશે રાજ્યસભામાં 29 ડિસેમ્બર, 2011ના રોજ ચર્ચા થઈ હતી. તે વખતે વિપક્ષ તરફથી તેમાં સુધારાવધારા સૂચવવામાં આવ્યા હતા. મોટાભાગના સભ્યો તે ખરડામાં સુધારાવધારા કરવાની તરફેણમાં હતા, પરંતુ પછી 29 ડિસેમ્બર, 2011ના રોજ ગૃહની બેઠક મુલતવી રખાઈ હતી. ત્યારબાદ તે ખરડાને કોંગ્રેસના સભ્ય શ્રી સત્યવ્રત ચતુર્વેદીના વડપણ હેઠળની પ્રવર સમિતિને સોંપવામાં આવ્યો હતો. પ્રવર સમિતિએ કેટલીક બેઠકો યોજી હતી અને 23 ડિસેમ્બર, 2012ના રોજ પોતાનો અહેવાલ સુપરત કર્યો ત્યારથી તે અહેવાલ પેન્ડીંગ રાખવામાં આવ્યો છે. તે અહેવાલ રાજ્યસભાના કામકાજ અને પ્રક્રિયાના નિયમ-91 હેઠળ પ્રવર સમિતિએ ગૃહમાં રજૂ કર્યો. હવે તેમાં કેટલા સુધારાવધારા કરવા તે ગૃહે નક્કી કરવાનું

હોય છે. સ્થાયી સમિતિમાં તે અહેવાલમાં સરકાર સુધારાવધારા સૂચવે છે, પણ આ કિસ્સામાં તેનાથી વિપરિત પરિસ્થિતિ હોય છે.

અમુક મુદ્દા ઉકેલવામાં આવ્યા હોવા છતાં ભાજપનું મંતવ્ય પ્રવર સમિતિના અભિપ્રાયથી સહેજ અલગ છે. ભાજપ એવો મત ધરાવે છે કે મોટાભાગના મુદ્દે પ્રવર સમિતિએ સર્વાનુમતે ભલામણ કરી હતી. પ્રવર સમિતિની ભલામણો બાબતે સર્વસંમતિ સાધવા રાજ્યસભાએ યોગ્ય ભલામણો બાબતે સર્વસંમતિ સાધવી જોઈએ. સંસદના બંને ગૃહોમાં અનેકવાર આ ખરડાની ચર્ચા થઈ ચૂકી છે. ભાજપ માને છે કે પ્રવર સમિતિની ભલામણોને હવે પછી રાજ્યસભાએ માન્ય રાખવી જોઈએ અને પછી લોકસભા સમક્ષ લાવવી જોઈએ. અત્યારે સંસદના બંને ગૃહો, ભારતના નેતાઓના જાહેર જીવનની વિશ્વસનીયતાનો સવાલ હોઈ પ્રવર સમિતિની ભલામણો સર્વાનુમતે માન્ય રખાય એ જરૂરી છે.

ગૃહની બેઠકમાં સમાજવાદી પક્ષ અને બહુજન સમાજ પાર્ટીના નેતાઓએ વારંવાર ખોરવી દીધી છે. તે પક્ષોએ છેલ્લા સાડા ચાર વર્ષમાં લઘુમતી સરકારનું અસ્તિત્વ ટકાવી રાખવામાં મદદ કરી હતી. તે પક્ષોએ ગૃહનું કામકાજ (સરકાર વતી) ખોરવી નાખ્યું, એવા સંજોગોમાં અમે એવું સૂચન કર્યું હતું કે લોકપાલ ખરડો ઘણા લાંબા સમયથી પેન્ડીંગ હોવાથી યુપીએ અને એનડીએ દ્વારા સંયુક્તપણે ખરડો ચર્ચા વિના મંજૂર કરી દેવો જોઈએ અને પછીથી પ્રવર સમિતિની ભલામણો સર્વસંમતિથી અમલમાં મુકવી જોઈએ. સરકારે પ્રવર સમિતિની ભલામણોને સર્વસંમતિથી માન્ય રાખવાનો અભિગમ અપનાવવો જોઈએ. હવે પછી સરકારના સમર્થક પક્ષો ગૃહનું કામકાજ ખોરવશે તો તેનો અર્થ એવો થશે કે સરકારને

લોકપાલનો ખરડો આગળ વધારવામાં રસ નથી. અમે એ બાબતનો પુનરોચ્ચાર કરીએ છીએ કે અમે તે ખરડો ચર્ચા વિના જ મંજૂર કરવા ઉત્સુક છીએ.

**(આર,કે.સિન્હા)**

**માનદ મંત્રી, ભાજપ સંસદીય પક્ષ**